શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વર

તા. 13/01/2026

શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વરમાં તા. 13/01/2026 ના રોજ પ્રિન્સિપલ ડો. જી.કે.નંદાના માર્ગદર્શન હેઠળ SSIP Cell ( Students' Start-up and Innovation Policy) અંતર્ગત એક દિવસના Sensitisation Program નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સેન્સિટાઇઝ કરવા માટે જે.એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસરના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. રુચિતા પટેલ રિસોર્સ પર્સન તરીકે હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ડો. જી કે નંદાસરે મહેમાન શ્રી નું સ્વાગત કર્યું હતું. પ્રાસંગિક પ્રવચનમાં ડો. જી.કે. નંદાસરે વિદ્યાર્થીઓને સેન્સેટાઈઝેશન એટલે શું અને SSIP વિશે માહિતી આપી હતી.

ત્યારબાદ રિસોર્સ પર્સન ડો. રુચિતા પટેલ મેડમેએ જણાવ્યું હતું કે એસએસઆઈપી કેસીજી નું એક ઈનીશીએટીવ છે. સેશન દરમિયાન વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું કે નવીનતા એટલે મોટું કાર્ય નથી પણ રોજિંદી સમસ્યાઓનો સરળ અને ઉપયોગી ઉકેલો શોધવાનો પ્રયાસ છે. સરકાર દ્વારા SSIP અંતર્ગત વિદ્યાર્થીઓને નાણાકીય સાહ્ય, માર્ગદર્શન અને ઈન્કયુબેશન જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે5. વિવિધ વિદ્યાર્થી સ્ટાર્ટઅપના સફળ ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવામાં આવ્યો. પ્રવૃત્તિઓ અને રમતો દ્વારા વિદ્યાર્થીઓને વિચાર રજુ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ સેશન વિદ્યાર્થીઓમાં નોકરી શોધનારથી નોકરી સર્જનાર બનવાની પ્રેરણા આપનાર સાબિત થયું.

કાર્યક્રમનું સંચાલન ઇનોવેશન ક્લબના કોર્ડીનેટર ડો. ભાગ્યશ્રી બારપાંડેએ કર્યું હતું. કાર્યક્રમના અંતે ડો. બારપાંડે દ્વારા

આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા શ્રુતિ લુણી, જીગ્નેશ વગેરે વિદ્યાર્થીઓએ મહેનત કરી હતી.